# ડીસામાં શાકભાજીના પોષણક્ષમ ભાવ ન મળતાં ખેડૂતો નિરાશ

## ખેડૂતોએ શાકભાજી રખડતા ઢોરોને તથા ગૌ શાળામાં આપી ઠાલવ્યો રોષ



ડીસા

ડીસા તાલુકાના ખેડૂતોએ આ વર્ષે વિપુલ પ્રમાણમાં ફુલાવર, દૂધી, મરચા તથા ટામેટા જેવા શાકભાજીના પાકોનું વાવેતર કરેલ છે.જોકે હાલ શાકભાજીના પોષણક્ષમ ભાવ ના મળતા હોઈ ખેડૂતોમાં નિરાશા જોવા મળી રહી છે.

ડીસાના પીડિત ખેડૂત રામપ્રસાદ લોધાએ જણાવ્યુ હતું કે અમે માર્કેટમાં ફુલાવર વેચવા જઈએ તો મણના ૪૦ રૂપિયા જ મળતા હોઈ રીક્ષાભાડું અને મજૂરી પણ મળતી નથી.ત્રણ ત્રણ મહિના મથીને ખેડૂતો વાવેતર કરે ત્યારે શાકભાજીના પાકો તૈયાર થાય છે.આવી સ્થિતિમાં ભાવ ન મળતા ખેડૂતોની સ્થિતિ પડતા ઉપર પાટુ મારવા જેવી થઈ ગઈ છે. પોષણક્ષમ ભાવ ન મળતાં કેટલાક ખેડૂતોએ શાકભાજી ઢોરોને ખવડાવવા રોડ પર ફેંકવા ઉપરાંત ગૌશાળાઓમાં પણ ટ્રેક્ટર ભરીને ફુલાવર આપી દીધા છે. હાથમાં મજૂરીના પૈસા પણ ન મળતા ખેડૂતોની હાલત દયનિય બની જવા પામી છે.એક બાજુ પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાથી મોંઘવારીએ માજા મુકી છે ત્યારે ખેડૂતોને પોક્ષણક્ષમ ભાવ ના મળતા પડતા ઉપર પાટુ જેવી સ્થિતિ સર્જાઈ છે ત્યારે સરકાર વિના વિલંબે ખેડૂતોને શાકભાજીના પોક્ષણક્ષમ ભાવ મળે તેવી વ્યવસ્થા કરે તેવી માંગ ઉઠી છે.

# ધાનેરામાં ભારે પવન સાથે વરસાદ

## ધાનેરામાં છવાયો અંધારપટ : વીજકંપનીની લાપરવાહીના કારણે લોકોને વારંવાર થવું પડે છે પરેશાન





ધાનેરા

બનાસકાંઠામાં લાંબા વિરામ બાદ આજે સમી સાંજે ધાનેરામાં જોરદાર પવન સાથે ધોધમાર વરસાદ શરૂ થતાં સમગ્ર શહેર પાણીથી જળબંબાકાર થઈ ગયું હતું ભારે પવનના કારણે અનેક જગ્યાએ વૃક્ષો ધરાશઈ થઈ ગયા છે ભારે વરસાદના કારણે વીજળી ગુલ થતા સમગ્ર ધાનેરા શહેરમાં અંધારપટ છવાઈ જતા લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો તો બીજી તરફ વીજ કંપની ની લાપરવાહી ના કારણે લોકો ને ખુબજ મુશ્કેલી નો સામનો કરવો પડ્યો હતો

બનાસકાંઠા જિલ્લા માં વરસાદ ખેંચતા ખેડૂતો ચિંતાતુર બન્યા હતા અને ખેડૂતો ના ઉભા પાક પાણી વિના બળી રહ્યા હતા છેલ્લા કેટલાંક દિવસો થી ધાનેરા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લા માં ગરમી નો પારો ઊંચક્યો હતો અને લોકો ભારે બફાટ સાથે ગરમી નો સામનો કરી રહ્યા હતા ત્યારે આજે ધાનેરા માં અચાનક વાતાવરણ માં પલટો આવ્યો હતો અને ભારે પવન સાથે વરસાદ શરૂ થતાં લોકો માં ખુશી ની સાથે સાથે ભય નો પણ માહોલ જોવા મળ્યો હતો તો બીજી તરફ પવન ને લઈ ધાનેરા માં કેટલીક જગ્યા ઉપર વૃક્ષો ધરાશાય થયા હતા તો કેટલીક દુકાનો ના બોર્ડ અને છાપરા પણ પવન ના લીધે તૂટી જવા પામ્યા હતા.....ધાનેરા માં વરસાદ ને લઈ વીજળી પણ ડૂલ થઈ ગઈ હતી અને સમગ્ર ધાનેરા શહેર માં અંધારપટ છવાઈ જવા પામ્યો હતો . અને લોકો ને ખુબજ મુશ્કેલી સાથે રાત વિતાવવા વાનો વારો આવ્યા હતો પરંતુ મોડે મોડે વીજળી ચાલુ થઈ જતા લોકોએ રાહત નો શ્વાસ લીધો ..તો બીજી તરફ ધાનેરા માં લોકો એ વીજ કંપની ની કામગીરી સામે સવાલ ઉઠાવતા જણાવ્યું હતું કે ધાનેરા માં વિજકંપની ની નબળી કામગીરીના લોધે લોકો ને વારંવાર હેરાન થવું પડે છે જ્યારે પણ થોડો વરસાદ કે પવન હોય તો વીજળી ડુલ થાય છે અને કલાકો સુધી લોકો ને ખુબજ મુશ્કેલી નો સામનો કરવો પડે છે વીજ કંપની નબળી કામગીરી ના લીધે સામાન્ય વરસાદ કે પવન ને લઈ શોર્ટ શર્કેટ સર્જાય છે અને વીજળી ડુલ થઈ જાય છે ત્યારે વીજ કર્મચારીઓ દોડતા થાય છે અને આમ તેમ ફોલ્ટ ગોતવા દોડે છે પરંતુ ચોમાસા પહેલા કરવામાં આવતી કામગીરી જો સરીરીતે કરે તો આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસવું પડે તેવી પરિસ્થિતિ નો વીજ કર્મચારીઓ ને સામનો ન કરવો પડે અને લોકો ને પણ મુશ્કેલી નો સામનો ન કરવો પડે





## ઈટાડી મીની અંબાજી અને યાત્રાધામ શામળાજીમાં ભાદરવી પૂનમે ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું

મોડાસાના ઈટાડી ગામે આવેલ અતિ પૌરાણિક અને મીની અંબાજી તરીકે જાણીતા અંબાજી મંદિર ભક્તોમાં આસ્થાનું પ્રતીક બન્યું છે. ભાદરવી પૂનમે જીલ્લા સહીત ગુજરાત રાજ્યમાંથી મોટી સંખ્યામાં વહેલી સવારે ઉમટી પડેલ ભક્તોની ભારે ભીડ જામી હતી. શ્રદ્ધાળુઓમાં ભાદરવી પૂનમમાં આરાસુરીના માતાજીના દર્શનનું અનેરૂ મહત્વ હોવાથી દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સમગ્ર વિશ્વમાં યાત્રાધામ તરીકે અનેરૂ મહત્વ ધરાવતા અને રાજ્યમાં એકમાત્ર વિષ્ણુ મંદિર એવા શામળાજી મંદિરમાં ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું. શ્રાદ્ધ પક્ષમાં પિતૃઓને તૃપ્ત કરવા શાસ્ત્ર અનુસાર વિષ્ણુ આરાધનાનું અનોખું મહત્વ હોવાથી શ્રાદ્ધના પ્રથમ દિવસે પિતૃઓની તૃપ્તિ માટે ભક્તોએ શામળાજી મંદિરમાં બિરાજતા વિષ્ણુ ભગવાનને શિષ ઝુકાવ્યું હતું.

# ખેડબ્રહ્મા શહેરમાં મા ના ધામમાં આસ્થાનો મહાકુંભ સર્જાયો

## ભાદરવી પૂનમના પવિત્ર દિને જગદંબાના દર્શનનું વિશેષ માહાત્મ્ય હોઇ દર્શન માટે ભક્તોનું ઘોડાપુર ઉમટ્યુ

ખેડબ્રહ્મા, તા. ૨૫

ખેડબ્રહ્મા શહેરમાં આવેલ અને નાના અંબાજી તરીકે ઓળખાતા મંદિરે આસ્થાને અજવાળે શ્રધ્ધાળુઓનુ ઘોડાપુર



ઉમટ્યુ હતું. ખેડબ્રહ્મા ભાદરવી પૂનમના દિને શ્રધ્ધા અને આસ્થાનો મહાકુંભ સર્જાયો. છેલ્લા પાંચ સાત દિવસથી શહેરના માર્ગો પદયાત્રીકોથી ઉભરાઈ રહ્યા હતા. રથો સંઘો ધજાઓ સાથે જય જય અંબેના જયકારથી ગુંજી ઉઠ્યા હતા.

જયારે માતાજી મંદિર તરફથી યાત્રીઓ માટે ખાસ જમવાનુ આયોજન કરવામાં આવ્યું હતું. માત્ર દસ રૂપિયાના ટોકનથી ભરપેટ ભોજનની વ્યવસ્થા કરાઈ જેમાં અંદાજે બે દિવસમાં નવથી દસ હજાર શ્રધ્ધાળુઓએ ભોજન લિધુ હતું. અને માતાજીના ટ્રસ્ટ તરફથી બનાવવામાં આવતો પ્રસાદ એકસો ત્રીસ દેસી ઘીના ડબ્બામાંથી બનાવવામાં આવ્યો હતો. ગત વર્ષે સાબરકાંઠા જિલ્લાના પોલીસવડા માલ સાહેબ દ્વારા માના ધામમાં ધજા ચઢાવવા આવી હતી. આ વર્ષે પણ હાલના જીલ્લાના વડા ચેતન્ય માડલિક પરીવાર સાથે પોલીસ બેન્ડ સાથે આવી ધજા ચઢાવી હતી.

આવનારા યાત્રીઓની ચાર હજાર જેવી ધજાઓ મા ના શિખર પર ચઢાવવામા આવી હતી. જયારે પોલીસ દ્વારા સઘન બંદોબસ્ત પુરો પાડવામાં આવ્યો હતો, કોઈ પણ જાતની અઘટીત ઘટના ન બને તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું યાત્રીઓને કોઈ પણ જાતની તકલીફ ન પડે તે માટે મંદિર ટસ્ટીઓએ પણ ભારે જહેમત ઉઠાવી હતી.

## ડીસાની રત્નપાર્ક સોસાયટીના બંધ મકાનમાં પોણા બે લાખની ચોરી

ડીસાના પોશ વિસ્તારમાં આવેલ સોસાયટીના બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરો સોનાના દાગીના અને રોકડ સહિત પોણા બે લાખની ચોરી કરી ફરાર થઈ ગયા હોવાની મકાન માલિકની ફરિયાદના પોલીસે ડોગ સ્ક્વોડની મદદ લઈ વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર ડીસાની રત્નપાર્ક સોસાયટીમાં રહેતા પ્રવીણભાઈ પરસોત્તમભાઈ ઠક્કર બહાર ગામ ગયેલ હતા.એ વખતે તેમના બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરો મકાનમાં પડેલ સોનાનું મંગળસૂત્ર, બંગડી, ડોકિયું અને ચેન સહિતના દાગીના તેમજ ૪૦ હજારની રોકડ રકમ મળી કુલ ૧,૮૪,૦૦૦ ની માલમતાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. દરમ્યાન, આ ઘટનાની જાણ થતાં મકાનમાંલિક પ્રવીણભાઈ ઠક્કરે ડીસા ઉત્તર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ડોગ સ્કવોડ અને એફએસસેલની મદદથી તપાસ હાથ ધરી તસ્કરોને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

## અંબાજી મંદિરને માઈભક્ત દ્વારા ૧ કિલો સોનુ ભેટમાં મળ્યુ

અંબાજી, તા. ૨૫

ભાદરવી પુનમના દિવસે અમદાવાદના માઈભક્તશ્રી નવનીતભાઈ શાહ ધ્વારા મા અંબેના ચરણોમાં એક કિલો સોનુ ચડાવવામાં આવ્યુ હતુ. માતાજી ઉપર તેઓને અપાર ભકિતભાવ અને શ્રધ્ધા હોવાથી માતાજીના ચરણમાં એક કિ.લો. સોનુ ચડાવ્યું છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ ભાદરવી પુનમના દિવસે શ્રીનવનીતભાઈ શાહે એક કિ.લો. સોનુ માતાજીને ચડાવ્યું હતુ.

# પ્રાંતિજ ખાતે નગરપાલિકા દ્વારા દબાણ અને શરતભંગની નોટીસો આપ્યા બાદ પાલિક ઘોર નિદ્રામાં

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે છેલ્લાં કેટલાય સમયથી પ્રાંતિજ નગરપાલિકા દ્વારા બજાર વિસ્તારમાં આવેલ દુકાન માલિકોને બજારમાં નળતરરૂપ સેડ તથા છત તથા નગરપાલિકા શોપીંગ સેન્ટરમાં શરતભંગને લઈને વેપારીઓને નોટીસ પાઠવી હતી ત્યારે હાલ તો પ્રાંતિજ નગરપાલિકા દ્વારા નોટીસ આપી સંતોષ માન્યો હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

પ્રાંતિજ ખાતે પ્રાંતિજ નગરપાલિકા દ્વારા બજાર વિસ્તારમાં આવેલ વેપારીઓને દુકાનો આગળ માળેલ છત-છજા તથા પ્રાંતિજ નગરપાલિકાના ખુદના શોપીંગમાં આપવામાં આવેલ દુકાનોમા શરતભંગ થઈ હોવાને લઈને શરતભંગની નોટીસો આપ્યા બાદ તથા પ્રાંતિજ બજારમાં આવેલ કેટલાક વેપારીઓ દ્વારા જાતેજ પોતાની દુકાનો આગળ લાંબા કરેલ છત દુર કર્યા હતા તો હજુ નગરપાલિકાની દયા દ્રષ્ટિવાળા દુકાન માલિકો ઉપર પ્રાંતિજ નગરપાલિકાએ આપેલ નોટીસની કોઈજ અસર જોવા મળી નથી તો પાલિકા દ્વારા નોટીસ આપીને પણ સમય વિતી ગયાં છતાં આજદિન સુધી કોઈજ કાર્યવાહી કરવામાં આવી નથી. બીજી બાજુ પ્રાંતિજ ભાખરીયા વિસ્તારમાં આવેલ પ્રાંતિજ નગર પાલિકાના બે ખુદ ના શોપિંગમાં આપેલ શરતભંગ થયાની નોટીસ આપ્યા છતાં પ્રાંતિજ પાલિકા દ્વારા કોઈજ કાર્યવાહી કરવામાં આવી નથી.

શરતભંગને લઈને પ્રાંતિજ પાલિકાના કેટલાક લોકો દ્વારા મોટો વહીવટ થયો હોવાની ચર્ચાઓએ પણ હાલ તો જોર પકડયું છે. બીજીબાજુ વેપારીઓ કહે છે કે અમને નોટીસ મળતાં જ અમે અમારા નળતરરૂપ સેડ-છત ખોલી લીધાં પણ હજુ કેટલાક વેપારીઓએ પોતાના છત અને છજા દુર કર્યા નથી. નોટીસનો સમય પણ વિતી ગયો છતાં પાલિકા દ્વારા તેવો વેપારીઓને છાવરતા હોય તેવા આક્ષેપો પણ થઈ રહ્યા છે. ત્યારે હાલ તો એટલું તો સ્પષ્ટ છે કે નગરપાલિકા પોતાના જ શોપીંગમા શરતભંગ છતાં આગળના પગલાં ભરવા વહીવટ થયાનાં આક્ષેપો કદાચ સાચા પણ હોય અને બજારના વેપારીઓને આપેલ નોટીસ બાદ પણ કોઈ જ કાર્યવાહી પણ ના થતાં પ્રાંતિજ નગરપાલિકાની પણ આવા વેપારીઓ ઉપર રહેમ નજર છે તેમ કહીએ તો નવાઈ નહી.

# અંબાજી ભાદરવી પૂનમનો મહામેળો સંપન્ન

## લાખો માઇભક્તો મા અંબેના ચરણોમાં મસ્તક નમાવી ધન્ય બન્યા : અંબાજી તિર્થસ્થાન કરોડો લોકોની ભક્તિ અને આસ્થાનુ પવિત્ર કેન્દ્રસ્થાન છે : હરિભાઇ ચૌધરી

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે અંબાજી ખાતે તા.૧૯થી ૨૫ સપ્ટેમ્બર સુધી યોજાયેલ ભાદરવી



પુનમનો મહામેળો સુખરૂપ સપન્ન થયો છે. મેળા પ્રસંગે લાખો માઈભક્તોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી છે. મંદિર સુત્રોના જણાવ્યા પ્રમાણે ૨૬ લાખથી વધુ યાત્રાળુઓએ માતાજીના દર્શન કર્યા છે. ૨૨ લાખથી વધુ પ્રસાદના પેકેટનુ વિતરણ થયુ છે. ૩ લાખથી વધુ માઈભક્તોએ ભોજનપ્રસાદનો લાભ લીધો છે. ૬૭૭૩ જેટલી ધજાઓ ચડાવવામાં આવી છે. ૧૬૦૦ જેટલી એસ.ટી બસો દ્વારા ૧૧૦૦૦થી વધુ ટ્રિપો કરીને ૬ લાખ યાત્રિકોને પરિવહનની સૂવિધા પુરી પાડી છે.

પુનમના દિવસે તા.૨૫ સપ્ટેમ્બરના રોજ મેળાના સમાપન પ્રસંગે અંબાજી ખાતે કેન્દ્રિય ખાણ ખનીજ અને કોલસા રાજ્યમંત્રીશ્રી હરિભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને સમાપન સમારોહ યોજાયો હતો. જેમાં કેન્દ્રિય મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે સેવાકેમ્પોના આયોજકો,સંચાલકોનુ સન્માન કરવામાં આવ્યુ હતુ. પ્રાસંગિક પ્રવચન કરતા કેન્દ્રિય મંત્રીશ્રી હરિભાઈ ચૌધરીએ જણાવ્યું કે, અંબાજી તિર્થસ્થાન કરોડો લોકોની ભકિત અને આસ્થાનુ પવિત્ર કેન્દ્રસ્થાન છે. તેમણે કહ્યું કે, લોકોને માતાજી ઉપર અપાર ભક્તિભાવ અને શ્રધ્ધા હોવાથી લોકો દુરદુરથી ચાલતા અંબાજી આવે છે. તેમણે વિવિધ સેવાકેમ્પો દ્વારા યાત્રિકો માટે કરવામાં સૂવિધાઓની પ્રશંસા કરી હતી. સેવાકેન્દ્રોના આયોજકો, સંચાલકો અને સ્વંયસેવકોની સેવાને બીરદાવી હતી.

કલેક્ટર કમ અંબાજી દેવસ્થાન ટ્રષ્ટના અધ્યક્ષશ્રી સંદીપ સાગલેએ જણાવ્યું કે, યાત્રિકોએ શિસ્ત જાળવી મેળાની વ્યવસ્થા જાળવવામાં બહુ સહકાર આપ્યો છે તે માટે હુ આભાર વ્યક્ત કરૂ છુ. તેમણે કહ્યું કે, સૌના સહકારથી પ્લષ્ટિકમુક્ત થીમ ઉપર મેળો સફળતાપૂર્વક યોજવામાં આવ્યો છે. પદયાત્રી,સંઘો અને વહિવટીતંત્ર વચ્ચે સારૂ સંકલન રહેવાથી જરૂરી વ્યવસ્થાઓ સારી રીતે જાળવી શકાઈ છે.. કલેક્ટરશ્રીએ શ્રી અંબાજી દેવસ્થાન ટ્રષ્ટ અને જીલ્લા વહીવટી તંત્રના અધિકારી,કર્મચારીઓની કામગીરીની સરાહના કરી હતી.

પદયાત્રિ સેવાસંઘોના પ્રમુખશ્રી નવનિતભાઈએ સેવાકેમ્પોને બિરદાવતા જણાવ્યું કે, સેવાકેમ્પોને લીધે પદયાત્રિઓને ઘણી સુવિધાઓ મળે છે. તેમણે



કલેક્ટરશ્રીના સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

પ્રારંભમાં અંબાજી દેવસ્થાન ટ્રષ્ટના નાયબ કલેક્ટર અને વહિવટદારશ્રી એસ.જે.ચાવડાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું કે, વિશ્વના સૌથી મોટા પદયાત્રિ મેળાઓમાં સ્થાન ભરાવનાર અંબાજી ભાદરવી મહામેળામાં લાખો યાત્રિકો દર્શનાર્થે આવે છે. જેમની સૂવિધા અને વ્યવસ્થા જાળવવા કલેક્ટર કમ અંબાજી દેવસ્થાન ટ્રષ્ટના અધ્યક્ષશ્રીની સુચના અને માર્ગદર્શનથી વહિવટીતંત્રનો નોંધપાત્ર સહયોગ મળે છે. વહિવટદારશ્રીએ સેવાકેમ્પોના યોગદાનને બિરદવ્યુ હતુ.